ગાંધીનગર સમાચાર

# મોડાસા માર્કેટયાર્ડમાં ૧૦ કર્મીઓની કરાયેલી ભરતી રદ

## ભરતી કરનાર માર્કેટયાર્ડના સત્તાધીશો સહિત કર્મચારીઓમાં સોપો

મોડાસા, તા. ૫

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં આવેલા માર્કેટયાર્ડમાં વર્ષ ૨૦૧૫માં ૧૦ કર્મચારીઓની ભરતીમાં ભ્રષ્ટાચાર અને ગેરરીતી આચરી બોગસ ભરતી કૌભાંડ કરવામાં આવ્યું હોવાનું બહાર આવતા સહકારી માળખામાં ખળભળાટ મચી ગયો હતો. જિલ્લા રજીસ્ટ્રાર દ્વારા બોગસ ભરતી કૌભાંડ મામલે તપાસ કરાઈ હતી. જેમાં કેટલીય અનીમીયતતાઓ બહાર આવી હતી. આ તપાસ અહેવાલ નિયામક બોર્ડ સુધી પહોંચતા આખરે નિયામકે મોડાસા માર્કેટયાર્ડના સત્તાધિશોને શોકોજ નોટિસ ફટકારી ભરતી રદ કેમ ન કરવી તેવો વેધક સવાલ કરતા કૌભાંડમાં કાળા હાથ કરનારાઓના પગ નીચેથી ધરતી સરકી ગઈ હતી. નિયામકને સુપ્રત કરેલ અહેવાલમાં ૧૦ કર્મચારીઓની ભરતી પ્રક્રિયામાં ભરતી કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનું અને ભરતી પ્રક્રિયામાં પારદર્શક પ્રક્રિયા થઈ ન હોવાનું ધ્યાને આવતા અને અરજદારે હાઈકોર્ટમાં ભરતી અંગે રીટ કરતા માર્કેટ સત્તાધીશો અને રજીસ્ટ્રારને પુરાવા રજૂ કરવા આદેશ સમયમર્યાદામાં રજુ કરવા જણાવાયુ હતુ છતા પુરાવા રજુ ન કરી શકતા રાજ્ય નિયામક બોર્ડ ૨૦૧૫માં મોડાસા માર્કેટયાર્ડ દ્વારા કરાયેલી ૧૦ કર્મચારીઓની ભરતી રદ કરતા માર્કેટયાર્ડના સત્તાધીશો અને હતી. જો કે આ ભરતી પ્રક્રિયામાં ગેરરીતી આચરવામાં આવી હોવાના આક્ષેપો સાથે ઉચ્ચકક્ષાએ રજુઆતો થઈ હતી. સાથે જ એક અરજદારે આખી ભરતી પ્રક્રિયાને હાઈકોર્ટમાં પડકારી હતી. દરમિયાન નિયામક, સોંપવામાં આવી હતી. જેમાં જિલ્લા રજીસ્ટ્રારે તપાસ હાથ ધરતા માર્કેટયાર્ડ કરેલ ભરતી પ્રક્રિયામાં અનેક અનિયમિતતાઓ ધ્યાને આવી હતી. આ અનિયમિતતા અંગેનો અહેવાલ જિલ્લા રજીસ્ટ્રાર દ્વારા




કર્મચારીઓમાં સોપો પડી ગયો હતો.

મોડાસા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં ક્લાર્ક, રાત્રી ચોકીદાર, પટાવાળા સહિતના ૧૦ કર્મચારીઓની ૪-૨-૨૦૧૫ના રોજ ઈન્ટરવ્યુ કરી ભરતી કરવામાં આવી સચિવ અને મુખ્યમંત્રી સુધી ભરતીમાં થયેલ ગેરરીતીઓ અંગે ફરિયાદ થતા નાયબ નિયામક ખેત બજાર અને ગ્રામ્ય અર્થતંત્ર તથા જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ અરવલ્લીને નિયામક દ્વારા તપાસ નિયામકને સોંપવામાં આવતા આખરે મોડાસા માર્કેટયાર્ડના ચેરમેનને નિયામકે શો કોજ નોટિસ ફટકારી હતી અને બજાર સમિતિ દ્વારા કરાયેલી ભરતી શા માટે રદ ન કરવી તેવા સવાલ કરવામાં આવ્યા હતા. નિયામકે અહેવાલના આધારે માર્કેટયાર્ડમાં કર્મચારીઓની થયેલ ભરતીમાં અનિયમિતતા હોવાનુ સ્પષ્ટ શોકોજ નોટીસમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

જેના પગલે સહકારી માળખામાં ખળભળાટ મચી ગયો હતો. માર્કેટયાર્ડની ભરતી અગાઉ જ ભ્રષ્ટાચાર કરવામાં આવનાર છે તેવી રજૂઆતો કરવામાં આવી હતી. સાથેજ એક અરજદાર દ્વારા હાઈકોર્ટમાં અપીલ કરવામાં આવી હતી. ત્યારે હાઈકોર્ટ દ્વારા રજીસ્ટ્રાર અને માર્કેટયાર્ડ સત્તાવાળાઓને ભરતી અંગેના પારદર્શક પુરાવા રજુ કરવા આદેશ કર્યો હતો. પરંતુ માર્કેટયાર્ડના સત્તાધીશો કે રજીસ્ટ્રાર આવા કોઈ જ હાઈકોર્ટમાં પુરાવા રજુ ન કરી શકતા છેવટે રાજ્ય નિયામક બોર્ડે સાત ક્લાર્ક, બે પટાવાળા અને એક ચોકીદાર સહિત કુલ ૧૦ કર્મચારીઓની ભરતી રદ કરી દેતો હુકમ કરતા માર્કેટયાર્ડના સત્તાધીશો અને કર્મચારીઓમાં સોંપો પડી ગયો હતો. આ હુકમથી અન્યાય પામેલા અને ભરતી માટે લાયક ઉમેદવારોમાં આનંદ છવાયો હતો.



### મોડાસામાં ઈફતાર પાર્ટીમાં હિન્દુ-મુસ્લિમ કોમી એકતાના દર્શન

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરમાં મખદૂમ હાઈસ્કૂલ એજ્યુકેશન હોલમાં મોડાસા કોંગ્રેસ પાર્ટી દ્વારા ઈફતાર પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. પવિત્ર રમઝાન માસમાં મુસ્લિમ બિરાદરો એક મહિના સુધી ઉપવાસ(રોઝા રાખતા હોય છે અને સાંજના રોઝા છોડવાના સમયને ઈફતાર તરીકે ઓળખવામાં આવે છે. રવિવારે સાંજે જિલ્લાના તમામ હિન્દુ અને મુસ્લિમ આગેવાનો અને કેન્દ્રના રાજ્યસભાના સભ્ય મધુસુદન મિસ્ત્રી સહિત રાજેન્દ્રસીંહ ઠાકોર, અનિલ જોષીયારા તેમજ કમલેન્દ્રસીંહ પુવાર, જયદત્તસીંહ પુવાર તેમજ અન્ય લોકોએ ઈફતાર પાર્ટીનું આયોજન કર્યુ હતું. જેમાં મોડાસા શહેરના મુસ્લિમ બિરાદરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હિન્દુ-મુસ્લિમ ભાઈઓએ કોમી એકતાના દર્શન કરાવી સાથે રોઝા છોડી ઈફતાર પાર્ટીનો લુફ્ત ઉઠાવ્યો હતો.

# મેઘરજમાં વાત્સલ્ય યોજનાના કાર્ડ કાઢવાની કામગીરી શરૂ

મેઘરજ, તા. ૫

મા યોજના અને મા વાત્સલ્ય યોજનાનો લાભ જિલ્લાના લોકોને મળી રહે તે આશયથી આરોગ્ય વિભાગ મોડાસા દ્વારા તમામ તાલુકાઓના આરોગ્ય અધિકારીઓને અને તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફિસરને આદેશ કરી વધુમાં વધુ પરિવારો મા યોજના અને મા વાત્સલ્ય યોજનાના કાર્ડ મેળવી લાભાર્થીઓ મફત સારવાર મેળવી શકે તે આશયથી આ કામગીરી શરૂ કરવામાં આવી છે.

લાભાર્થીઓને તેમના રહેઠાણ સ્થળેથી વધુમાં વધુ કાર્ડ મેળવી શકે તેની માટે તા. ૨૬ જૂનના રોજ મોબાઈલ કિઓસ્કનું આયોજન કરવામાં આવ્યું હતું અને અત્યાર સુધીના પરફોમ મુજબ જિલ્લામાં કુલ ૬૯૫૧ કુટુંબોને જ મા યોજના અને મા વાત્સલ્ય યોજનાનો લાભ મળ્યો છે. અને બીજા પરિવારોને તેમના ઘરે બેઠા કાર્ડ મળી રહે તેની માટે દરેક ગામમાં આશા ફેશીલેટર, આંગણવાડી કાર્યકર, તેડાગર, ફિ. હે.વ. અને મ.પ.વ. દ્વારા વધુમાં વધુ લોકોને મોબાઈલ કિઓસ્ક સ્થળે લાવવાની કામગીરી કરશે અને દરેક ગામના આયોજનના ૩ દિવસમાં વાત્સલ્ય યોજનાના લાભાર્થીને ૧,૨૦,૦૦૦ થી ઓછી આવકનું પ્રમાણપત્ર મળી રહે તે બાબતે તલાટી કમમંત્રી તાલુકા વિકાસ અધિકારી દ્વારા સુનિશ્ચિત કરવામાં આવશે. તથા દરેક ગામના આયોજનના દિવસે તલાટી કમ મંત્રીને ગામમાં હાજર રહેવા માટે તાલુકા વિકાસ અધિકારીએ જણાવ્યું છું. જેમાં તા. ૪ જુલાઈ થી ૩૦ જુલાઈ સુધીમાં મોબાઈલ કિઓસ્ક મેઘરજ તાલુકાના ૪૨ ગામડાઓમાં જઈ સ્થળ ઉપર જ કાર્ડ કાઢશે. દરેક ગામની શાળાઓમાં મોબાઈલ કિઓસ્ક ઉભી રહેશે. આ યોજનાની શરૂઆત આજ રોજ બાંઠીવાડાના નાળ ફળીયા પ્રાથમિક શાળાથી કરવામાં આવી હતી પરંતુ આ નાળ ફળીયામાં વીજતંત્રની ઘોર બેદરકારીથી બપોરે ૧૨ વાગ્યાથી લાઈટ ન હોવાના કારણે યોજનાના પ્રથમ દિવસે જ કોઈ કામગીરી થઈ શકી ન હોવાથી વીજતંત્ર સામે લાભાર્થીઓમાં રોષની લાગણી ભભુકી ઉઠી છે.

# પાલનપુરના તળાવમાંથી ગુમ શુદા યુવકનો મૃતદેહ મળ્યો

પાલનપુર, તા. ૫

પાલનપુર જગાણા રોડ પર આવેલ ગોબરી તળાવમાં તરતો યુવાનનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. છેલ્લા બે દિવસથી આ યુવાન ઘરેથી લાપત્તા હતો. પોલીસે આ ઘટના સ્થળ પર જઈ મૃતદેહનો કબ્જો લીધો હતો. પાલનપુર શહેરના ઈદગાહ રોડ પર આવેલા ચામુંડા વાસમાં રહેતા ૨૨ વર્ષનો વીરાભાઈ ઠાકોર રીક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. છેલ્લા બે દિવસથી ઘરેથી ગુમ હતો. જો કે ગત સાંજે આ યુવકનો ગોબરી તળાવમાંથી મૃતદેહ મળી આવતા પરિવાર પર આભ તુટી પડ્યુ હતુ. તળાવમાં તરતો મૃતદેહ જોઈને આસપાસના લોકોએ પોલીસને જાણ કરી હતી. પોલીસ ઘટનાસ્થળે પહોંચી મૃતદેહનો કબ્જો લીધા બાદ આગળ તપાસ હાથ ધરી હતી.

# શાલમપુરમાં રસ્તા પરથી વરસાદી પાણીનો નિકાલ ન થતા રોષ

## પ્રાથમિક શાળાના બાળકોને પાણીમાં થઈને શાળામાં જવું પડે છે

મોડાસા, તા. ૫

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ખંભીસર ગ્રુપ ગ્રામ પંચાયતમાં આવેલ શાલમપુર ગામના શાલમપુર ગામમાં બસ સ્ટેશનથી ગામમાં પ્રવેશવાનો મુખ્ય માર્ગ આવેલો છે. આ રસ્તા પર વરસાદ પડ્યા બાદ પાણી ભરાઈ જાય છે



મુખ્ય માર્ગ પર વરસાદ પડતાની સાથે જ પાણી ભરાઈ જાય છે અને આ વરસાદી પાણીનો નિકાલ ન થતાં લોકોમાં રોષ જોવા મળ્યો છે. અને આ પાણીનો યોગ્ય નિકાલ ન થતાં રસ્તા પર ભરાયેલુ પાણી કેટલાય દિવસો સુધી હટતુ નથી. જેના લીધે ગામલોકોને કાદવ કિચડમાં રહેવાનો વારો આવે છે. ગામના મુખ્ય માર્ગ પર ભરાતા પાણીને લીધે વાહન ચાલકો તેમજ લોકોને અવરજવરમાં અગવડતા ઉભી થાય છે. કેટલાક દિવસો સુધી ભરાઈ રહેતા વરસાદી પાણીમાં માખી મચ્છરકનો ઉપદ્રવ ખુબ જ વધી જાય છે. જેના લીધે ગામલોકોના આરોગ્ય સામે ખતરો મંડાઈ રહે છે.

ગામની પ્રાથમિક શાળા પણ આ જ માર્ગ પર આવેલી હોઈ શાળાના બાળકોએ દરરોજ ગંદા પાણીમાં પસાર થઈને આવુ પડે છે. જે બાળકોના આરોગ્ય માટે હાનિકારક છે. કેટલાય દિવસો સુધી પાણી ભરાઈ રહેતા આ માર્ગની બાજુમાં અડીને જ ઈલેક્ટ્રીક ડીપી આવેલી છે જે ભરાઈ રહેતા પાણીને લીધે ક્યારેક જોખમી સાબિત થઈ શકે છે જેના લીધે ગ્રામજનોમાં રોષ પ્રગટ થયો છે અને તંત્ર દ્વારા વરસાદી પાણીનો નિકાલ કાયમી ધોરણે કરવામાં આવે તેવું ગ્રામજનો ઈચ્છી રહ્યા છે.

# ગુજરાત પ્રદેશ અગ્રવાલ મહાસભાના ક્ષેત્રીય મંત્રીપદે મહેન્દ્ર અગ્રવાલની વરણી

અંબાજી, તા. ૫

સમગ્ર ગુજરાત પ્રદેશમાં વસતા અગ્રવાલ સમાજની પ્રાદેશીક ઈકાઈ ગુજરાત પ્રદેશ અગ્રવાલ મહાસભા (જી.પી.એ.એમ.)માં રાજ્યભરના ચાર પ્રાંતમાં સ્થાનિક સ્તરની ઈકાઈઓ જોડાયેલી છે. જેમાં તાજેતરમાં અગ્રવાલ મહાસભા પ્રદેશના નવીન હોદ્દેદારોની વરણી કરાઈ હતી. જેમાં પ્રદેશ પ્રમુખ તરીકે અમીરગઢના પોપટલાલ અગ્રવાલની નિમણુંક કરાઈ હતી. જેમાં ઉત્તર ગુજરાતના ક્ષેત્રીય પ્રભારી તરીકે ઈકબાલગઢના પ્રભુદાયલ અગ્રવાલની પસંદગી કરાઈ છે અને અંબાજીના જાણીતા પત્રકાર મહેન્દ્રભાઈ એલ. અગ્રવાલને તેમના અનુભવ કાર્યદક્ષતા સમ્રસ્તા અને નિષ્ઠાને જોઈ ઉત્તર ગુજરાત વિભાગના ક્ષેત્રીય મંત્રી તરીકે નિમણુંક કરવામાં આવી છે. જે અગ્રવાલ સમાજ અંબાજી માટે ગૌરવરૂપ બન્યા છે.




### ધનસુરાના હિન્દુપુરા પાટીયા નજીક રહેલા તળાવમાં કેમિકલ ભરેલુ ટેન્કર ખાબક્યુ

અરવલ્લી જિલ્લાના મોડાસા-ધનસુરા રાજ્ય ધોરી માર્ગ પર આવેલા હિન્દુપુરા પાટીયા નજીક આવેલા તળાવમાં મોડાસાથી બાયડ તરફ જઈ રહેલી ટેન્કરના ચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા કેમીકલ ભરેલ ટેન્કર તળાવમાં ખાબકતાં આસપાસના વિસ્તારમાં અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. અકસ્માતના પગલે આજુબાજુમાંથી લોકો દોડી આવ્યા હતા. તળાવમાં ટેન્કર ખાબકવા છતાં ટેન્કરચાલક અને કંડક્ટર સમયસૂચકતા વાપરી કુદી પડતા સદનસીબે જાનહાની ટળી હતી. અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ ટેન્કરમાં કેમીકલ ભરેલુ હોવાથી તળાવનુ પાણી પ્રદુષિત થવાનો ભય સતાવતો હતો.



### પ્રાંતિજમાં શાંતિ સમિતિની બેઠક યોજાઈ

પ્રાંતિજ ખાતે આવેલ પોલીસ સ્ટેશનમાં રથયાત્રા તેમજ રમઝાન ઈદના તહેવારને લઈને પ્રાંતિજ પી.આઈ. ટી.બી. રાઠોડ દ્વારા શાંતિ સમિતિની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લા વડા સહિત નગરના અગ્રણી વેપારીઓ વિવિધ કોમના હિન્દુ મુસ્લિમ આગેવાનો સહિતની બેઠક યોજાઈ હતી.

# ખેડબ્રહ્મામાં આજે ૨૯મી રથયાત્રા નીકળશે

## ભગવાન જગન્નાથનું સામૈયુ કરવા ભક્તોમાં થનગનાટ

ખેડબ્રહ્મા, તા. ૫

ખેડબ્રહ્મામાં અષાઢી બીજે નીકળનારી ભગવાન જગન્નાથજીની ૨૯મી રથયાત્રાની ડાકોર મંદિર ટ્રસ્ટ દ્વારા સંપુર્ણ તૈયારીઓ પૂર્ણ કરી દેવાઈ છે. જે અંતર્ગત જગન્નાથજીની રથયાત્રા સવારે ૮.૩૦ રાધાકૃષ્ણ મંદિરમાંથી નીકળશે જે જુની પોસ્ટ ઓફીસ પટેલફળી બ્રહ્માજી ચોક બસ સ્ટેન્ડ મહાકાલી મંદિર કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર સરદાર ચોક થઈ બપોરે હસમુખલાલ તુલસીદાસ મોદીના



નિવાસસ્થાને પહોંચશે. જ્યાં ભગવાનની પૂજા અર્ચના આરતી તથા મામેરૂ ભરવામાં આવશે તથા ભક્તો માટે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યુ છે. રથયાત્રાના માર્ગમાં ભક્તો દ્વારા ભગવાનનું સામૈયુ કરવામાં આવશે. ભાવિકભક્તો માટે સિવિલ રોડના વેપારીઓ તરફથી ડાયફ્રુટના શીરા સહીત અન્ય ભક્તો દ્વારા વિવિધ સ્ટોલ લગાવવામાં આવશે.

સોમવારે એસ.પી. પી.એલ. મલે રથયાત્રાના માર્ગનું ચેકીંગ કરી શાંતિ સમિતિના સભ્યો સાથે ચર્ચા કરી હતી.

રથયાત્રામાં ૨ પીએસઆઈ, ૪૦ પોલીસ, ૫ મહિલા પોલીસ તથા ૫૦ હોમગાર્ડના જવાનોને ફરજ ઉપર તૈનાત કરવામાં આવ્યા છે.

# અરવલ્લીમાં રસ્તાઓનાં કામ માટે ૫૪.૭૯ કરોડ મંજૂર

મોડાસા, તા. ૫

અરવલ્લી જિલ્લામાં ૬ તાલુકાઓમાં વિવિધ વિસ્તારોમાં ૫૩ જેટલા રસ્તાઓ રીસરફેસીંગ તથા જરૂરી મજબુતીકરણ માટે રાજ્ય સરકારમાં કરવામાં આવેલ રજુઆતોને અન્વયે રાજયના બાંધકામ વિભાગના પ્રધાન દ્વારા રૂ. ૫૪.૭૯ કરોડ મંજુર કરવામાં આવ્યા છે.

અરવલ્લી જિલ્લામાં છ તાલુકાઓમાં જે રસ્તાઓ મંજુર કરવામાં આવ્યે છે તેમાં સૌથી વધુ બાયડ તાલુકામાં ૨૦, જયારે માલપુર તાલુકામાં ૧૦, મોડાસા તાલુકામાં ૯, મેઘરજમાં ૭, ધનસુરામાં ૪ અને ભિલોડામાં ૩ રસ્તાઓનો સમાવેશ થાય છે. રાજ્યના માર્ગ અને મકાન વિભાગના મંત્રી નિતીનભાઈ પટેલે મુખ્યમંત્રી ગ્રામસડક યોજના અંતર્ગત રૂ. ૫૪.૭૯ કરોડના ખર્ચે જુદા જુદા રસ્તાઓ મંજુર કરાયા અંગેની યાદી અરવલ્લી જિલ્લા ભાજપ પ્રમુખ રમવીરસિંહ ડાભીને લેખિત પત્રથી મોકલી આપતાં તમામ છ તાલુકાઓને આવરી લેતા રસ્તાઓ મંજુર થયાના સમાચારે લોકોમાં આનંદની લાગણી પ્રસરી ગઈ છે.

આ રસ્તાઓ પૈકી કેટલાક રસ્તાઓ વાઈડનીંગ તથા મજબુતીકરણને લગતા હોવાનું યાદીમાં જણાવાયું છે. આ પ્રકારના રસ્તાઓમાં મોડાસા તાલુકામાં બે, મેઘરજમાં બે, બાયડ તાલુકામાં ચાર અને ધનસુરા તાલુકામાં એક રસ્તાનો સમાવેશ થાય છે. જ્યારે અન્ય તમામ રસ્તાઓ રીસરફેસીંગ તથા જરૂરી મજબુતીકરણના મંજૂર કરાયા છે.

# માલપુરના ગોવિંદપુર પાસે બસની ટક્કરે બાઈકચાલકનું કરૂણ મોત

મોડાસા, તા. ૫

અરવલ્લી જિલ્લામાં આજરોજ માલપુર નજીક ગોવિંદપુર પાસે હાઈવે ઉપર સર્જાયેલા બસની ટક્કરે બાઈક ફંગોળાઈ જતાં ઈજાગ્રસ્ત બાઈક સવાર દંપતિને સારવાર માટે મોડાસા લવાતા પતિનું સારવાર દરમિયાન મોત નીપજ્યુ હતુ. જ્યારે પત્નિને સારવાર આપી રજા આપવામાં આવી હતી. બનાવ સંદર્ભે માલપુર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

માલપુર તાલુકાના પોતાના ગામ ગલીયાદાંતીથી માલપુર તરફ બાઈક ઉપર જઈ રહેલ પતિ-પત્નિને ઉંઝાથી સંતરામપુર જતી બસ સાથે આ બાઈક ટકરાતા અકસ્માત સર્જાયો હતો. જેમાં પતિ-પત્નિ બંને ઈજાગ્રસ્ત થયા હતા.

આ બંનેને સારવાર માટે મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન જીવલેણ ઈજાગ્રસ્ત પતિ કાળુભાઈ છનાભાઈ માલીવાડ (ઉં.વ.૪૦)નું મોત નીપજ્યું હતું. જ્યારે તેમના પત્નિ વીણાબેન કાળુભાઈ માલીવાડ (ઉં.વ.૩૮)ના શરીરે સામાન્ય ઈજાઓ હોઈ સારવાર આપી રજા આપવામાં આવી હતી.

# મોડાસા આવક ઘોષણા યોજના ૨૦૧૬ અંતર્ગત સેમીનાર

મોડાસા, તા. ૫

કેન્દ્ર સરકાર દ્વારા જાહેર થયેલ ઈન્કમ ડીકલેરેશન યોજના અંતર્ગત અરવલ્લી જિલ્લાના વહેપારીઓ-ઉદ્યોગકારો તથા ડૉક્ટર વકીલ મિત્રો સાથે પરીસંવાદ તા. ૮-૭-૨૦૧૬, શુક્રવારે ૩.૩૦ વાગે યુ.જી.સી.એલ. કોલેજ કેમ્પસ મોડાસા ખાતે આયોજન કરવામાં આવેલ છે.

ઉપરોક્ત સેમીનારમાં સાબરકાંઠા રેન્જના જોઈન્ટ કમિશનર ઓફ ઈન્કમટેક્ષ મુકેશ શર્મા માર્ગદર્શન આપશે. સાથે મોડાસા ઈન્કમટેક્ષ ઓફિસર કે.સી. દોશી હાજર રહેશે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧